"યોગ્ય રીતે, સલામતીપૂર્વક અને નૈતિકતાથી વ્યાપાર કરવો એ આપણી વ્યાપારની રીતનો મૂળભૂત સિદ્ધાંત છે. એ મૉર્ગનની પ્રાથમિકતા છે".

**પીટ રૅબી (Pete Raby)**
મુખ્ય કાર્યકારી અધિકારી (Chief Executive Officer)

# THE Morgan Code

સુરક્ષિત રીતે **અને** નિતિમત્તાપૂર્ણ **કામ કરવું**



Morgan
Advanced Materials

# પરિચય

હંમેશાં સલામતીપૂર્વક અને નૈતિકતાથી કામ કરવું ***એ હંમેશાં મૉર્ગનના નેતૃત્વના વર્તનના કેન્દ્રસ્થાને રહ્યું છે***, અને મૉર્ગનમાં આપણે જે કંઈ કરીએ છીએ તેમાં આ મૂલ્યો કેન્દ્રસ્થાને હોવાં જોઈએ.

આપણે જે રીતે વ્યાપાર કરીએ છીએ તે અંગેનાં નૈતિક ધોરણોની જેમ જ આપણા કર્મચારીઓ, મુલાકાતીઓ, ગ્રાહકો અને સમુદાયોની સલામતી મહત્ત્વની છે. નૈતિક આચરણનાં ઉચ્ચતમ ધોરણો પર આપણને માપવામાં આવે છે: આપણે  આપણા સમગ્ર વૈશ્વિક વ્યાપારમાં મૉર્ગનની આચારસંહિતાનું અક્ષરશઃ પાલન કરીએ અને જેનાથી આપણે મૉર્ગનનો હિસ્સો બનવામાં ગૌરવ અનુભવીએ તેવી રીતે કામ કરીએ તે જરૂરી છે.

મૉર્ગનની આચારસંહિતા એવા સિદ્ધાંતોનો સમૂહ છે જેને આપણા આદર્શ આચરણને ઘડતી નીતિઓ અને માર્ગદર્શિકાનું સમર્થન મળે છે. આપણી સંહિતા અને સંલગ્ન નીતિઓ પ્રાસંગિક એવી દરેક સ્થિતિ કે કાનૂનને આવરી લેતી નથી; તેને બદલે આપણે મૉર્ગનની સંહિતાના મિજાજ પ્રમાણે કામ કરવું જોઈએ અને આપણી જાતને પ્રશ્નો પૂછવા જોઈએ:

- ➜ શું હું જે કરી રહ્યો છુ તે યોગ્ય છે ?
- ➜ શું નિર્ણય લેવા પહેલાં હું અન્ય લોકો સાથે વાત કરું?
- ➜ મોર્ગન ની બહાર ની વ્યક્તિ આને કેવી રીતે જોશે ?

મૉર્ગનની સંહિતાના સિદ્ધાંતો ચાર ક્ષેત્રોમાં વિભાજીત થાય છે

- ➜ સલામત રીતે કામ કરવું
- ➜ નૈતિક રીતે કામ કરવું
- ➜ આપણા લોકો સાથે ન્યાયપૂર્વક વર્તન કરવું
- ➜ આપણા વ્યાપારનું રક્ષણ કરવું

# હંમેશાં સલામતીપૂર્વક કામ કરવું

## સ્વાસ્થ્ય અને સલામતી પાયાનાં મૂલ્યો છે

અમે માનીએ છીએ કે મોતની તમામ ઘટનાઓ, ઈજાઓ અને વ્યાવસાયિક બીમારીઓ અટકાવી શકાય એવી હોય છે. અમારી સાઇટો પરના તમામ કર્મચારીઓ, ઠેકેદારો અને મુલાકાતીઓ દરરોજ ઘરે સલામતી અને કુશળક્ષેમ સાથે પરત ફરે એવા લક્ષ્ય માટે મૉર્ગન પ્રતિબદ્ધ છે. અમારા સંગઠનમાં નહિવત્ નુકસાન થાય એ અમારો ઉદ્દેશ્ય છે અને આ ઉદ્દેશ્યને પૂરો કરવા માટે સલામતીનાં અમારાં આચરણો અને દેખાવમાં સુધારાઓ લાવવા માટે અમે અમારી thinkSAFE યોજનાનો અમલ કરીએ છીએ. એક લઘુત્તમ ધોરણ તરીકે અમે સ્વાસ્થ્ય અને સલામતીના તમામ સંબંધિત કાનૂન, વિનિયમો અને અન્ય લાગુ પડતી કાનૂની આવશ્યકતાઓનું પાલન કરીએ છીએ અને દરેક સ્થળ પર વૈશ્વિક સ્તરનું શ્રેષ્ઠ આચરણ લાવવા ઇચ્છીએ છીએ.

## અમે જે પર્યાવરણમાં રહીએ છીએ તેનું રક્ષણ કરીએ છીએ

પર્યાવરણનું રક્ષણ કરવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. મૉર્ગન પોતાના વ્યાપારી નિર્ણયોમાં પર્યાવરણીય અસરનો સમાવેશ કરે છે, કાર્યક્ષમતા વધારતી યોજનાઓને વેગ આપે છે અને પોતાની કામગીરીઓની પર્યાવરણીય અસર ઓછી કરવા તથા પોતે જ્યાં કામ કરે છે એવાં સ્થળો અને સમુદાયોના વાતાવરણના રક્ષણ માટે ઇચ્છુક હોય છે. તમામ સંબંધિત પર્યાવરણીય કાનૂન, વિનિયમો અને લઘુત્તમ ધારાધોરણો તરીકે અન્ય લાગુ પડતી કાનૂની આવશ્યકતાઓનું અમે પાલન કરીએ છીએ, તથા યોગ્ય હોય ત્યાં ઉચ્ચ ધારાધોરણો સ્થાપિત કરીએ છીએ અને શક્ય હોય ત્યાં સકારાત્મક ભૂમિકા ભજવવા માટે આતુર હોઈએ છીએ.

# હંમેશાં નીતિમત્તાથી કામ કરીએ છીએ

## અમે કાનૂનનું પાલન કરીએ છીએ

મૉર્ગન અને તેના કર્મચારીઓ આપણે જ્યાં કાર્યરત છીએ એવા તમામ દેશોમાં કાયદાઓ, વિનિયમો અને કરવેરા પ્રણાલીઓને આધીન છે. અમારું વલણ સ્પષ્ટ છે: અમે દરેક જગ્યાએ કાયદાનું પાલન કરીએ છીએ. કાયદાનાં આ ક્ષેત્રો વિશિષ્ટપણે નોંધવામાં આવે છે:

- **સ્પર્ધા અંગેનો કાનૂન**
  અમે તમામ લાગુ પડતા સ્પર્ધા સંબંધિત અને વિશ્વાસવિરોધી કાયદાઓનું પાલન થાય તે રીતે સ્પર્ધા કરીએ છીએ. આ કાયદાઓ વ્યાપારની એવી વ્યવસ્થાઓને પ્રતિબંધિત કરે છે જેનાથી મુક્ત અને ન્યાયી સ્પર્ધા પર અંકુશ આવતો હોય.
- **વ્યાપારનાં નિયંત્રણો**
  અમે અધિકૃત સત્તાવાળાઓ દ્વારા વ્યાપારનાં નિયંત્રણો અને અંકુશોનું પાલન કરીએ છીએ. જ્યાં પણ અમે મૉર્ગનનાં ઉત્પાદનો, સેવાઓ કે ટૅક્નિકલ જ્ઞાન સરહદ પાર મોકલીએ છીએ ત્યારે અમે ખાતરી કરીએ છીએ કે નિકાસ લાગુ પડતા કાયદાઓ પ્રમાણે થાય.
- **કરચોરી**
  વ્યક્તિઓ, સપ્લાયરો અને ગ્રાહકો સહિત મૉર્ગન સાથે જોડાયેલ કોઈ પણ પક્ષકાર તરફથી અમે ગુનાઇત કરચોરીની પ્રવૃત્તિમાં પડતા નથી.

## અમે લાંચ-રુશ્વત કે ભ્રષ્ટાચાર કરતા નથી

અમે અધિકારીઓને લાંચ આપતા નથી અથવા ભ્રષ્ટાચારમાં સામેલ થતા નથી. કોઈ પણ મૂલ્ય ધરાવતી વસ્તુ આપવી કે મેળવવી કે જેનાથી આપણા વ્યાપારના આચરણમાં અયોગ્ય લાભ પામવાનો આશય હોય તેને લાંચ કહે છે. તેમાં કોઈ વચેટિયાનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે અને રોકડ, ભેટસોગાદો, કશુંક શક્ય બનાવવા માટે કરાતી ચૂકવણી, લાંચ, તરફદારી, નોકરીની ઑફર, મનોરંજન કે અન્ય લાભો જેવી મૂલ્ય ધરાવતી કોઈ પણ વસ્તુનો સમાવેશ થાય છે. ભ્રષ્ટાચારમાં લાંચનો સમાવેશ થાય છે અને તે દગા, છળકપટ, નાણાંની હેરાફેરી, કાર્ટેલ અને આવી પ્રવૃત્તિઓ સુધી વિસ્તરે છે. ભેટસોગાદો અને આતિથ્ય, દાન, પ્રાયોજકતા અને સરકારી અધિકારીઓ સાથે કામ કરવા અંગે મૉર્ગનના વિશિષ્ટ નિયમો છે.

## અમે હિતોના ટકરાવને ટાળીએ છીએ

જ્યાં સ્પર્ધાત્મક વફાદારીઓને કારણે અમારે મૉર્ગનનાં હિતોના બદલે કોઈ અંગત, કૌટુંબિક કે મિત્રનાં હિતોની તરફેણ કરવી પડે એવી સ્થિતિઓમાં અમે પોતાને મૂકાવા દેતા નથી. જ્યાં ટકરાવ થઈ શકે ત્યાં અમે પોતાની જાતને પૂછીએ છીએ કે કોને લાભ થઈ શકે છે અને અમારી કંપની માટે અજાણ હોય એવી કોઈ વ્યક્તિ દ્વારા આ ઘટનાને કેવી રીતે જોવામાં આવી શકે છે. જો કોઈ શંકા હોય તો અમે આ બાબતની મેનેજરને જાણ કરીએ છીએ અને નિર્ણય લેવાની પ્રક્રિયામાંથી પોતાને દૂર કરી દઈએ છીએ.

## અમે નૈતિક રીતે વ્યાપાર અને સ્પર્ધા કરીએ છીએ

સપ્લાયરો, ગ્રાહકો અને સ્પર્ધકો સાથેના અમારા વ્યવહારોમાં અમે નૈતિકતાપૂર્વકનું આચરણ કરીએ છીએ. ગ્રાહકો અને સપ્લાયરો સાથે વિશ્વાસને કેન્દ્રમાં રાખીને લાંબા ગાળાના સંબંધો વિકસાવવા અમે ઇચ્છતા હોઈએ છીએ: આમાં અમારા પ્રત્યાયનમાં પ્રામાણિક રહેવું અને ચૂકવણીની મંજૂર થયેલી શરતોને વળગી રહેવાનો સમાવેશ થાય છે. બજારમાં અમે ન્યાયિક રીતે જાહેરાત, માર્કેટિંગ અને વેચાણ કરીએ છીએ અને ખોટાં નિવેદનો કરતા નથી. અમારે જે સ્પર્ધાત્મક જાણકારી ન મેળવવી જોઈએ તે વાંચતા નથી, તેનો ઉપયોગ કરતા નથી કે તે મેળવવાનો પ્રયત્ન કરતા નથી. અમે એ બાબતની ખાતરી કરવા ઇચ્છતા હોઈએ છીએ કે અમારા સપ્લાયરો જવાબદારીપૂર્વક કામગીરી કરે, તેમના કામદારો સલામત રહે અને તેમની સાથે ન્યાયોચિત વ્યવહાર કરવામાં આવે અને સોર્સિંગની પ્રક્રિયા દરમિયાન પર્યાવરણીય અને સામાજિક અસરોને ધ્યાનમાં લેવામાં આવે.

# આપણા લોકો સાથે ન્યાયપૂર્વક વર્તન કરવું

### અમે સમાન તકો સાથેના રોજગારમાં માનીએ છીએ

અમે માનીએ છીએ કે દરેક વ્યક્તિને સંપૂર્ણપણે વ્યક્તિગત લાયકાત અને પ્રદાનના આધારે જ નોકરી અને બઢતી મળવી જોઈએ. અમે કોઈ વ્યક્તિ સામે ભેદભાવ ચલાવી નહિ લઈએ અને અમારા માટે તથા અમારી સાથે કામ કરતા બધા લોકો એવી રીતે કામ કરે કે જે ન્યાયપૂર્ણ અને સમાન તકોની અમારી સમજને અનુરૂપ હોય એવી અપેક્ષા રાખીશું.

### અમે સતામણી, ભેદભાવ કે ધાકધમકીને સાંખી લેતા નથી

અમે કામના એવા સ્થળ માટે પ્રતિબદ્ધ છીએ જે કોઈ પણ પ્રકારે સતામણી, ભેદભાવ કે ધાકધમકીથી મુક્ત હોય અને અમારા લોકોને તથા અમારી સાથે કે અમારા માટે કામ કરતા લોકોને તેમની પૂર્ણ ક્ષમતાઓ સાથે કામ કરવામાં મદદ કરે. અમે કામ પર હિંસા અથવા હિંસાની ધમકીઓને સાંખી લઈશું નહિ.

# આપણા વ્યાપારનું રક્ષણ કરવું

### અમે કંપનીની સંપત્તિનું રક્ષણ કરીએ છીએ

આપણે સૌ મૉર્ગનની સંપત્તિ અને મિલકતોના રક્ષણ અને સુરક્ષા માટે જવાબદાર છીએ, જેમાં આપણાં સ્થળો, મશીનરી, કમ્પ્યૂટરો, બૌદ્ધિક સંપદા, માહિતી, વ્યાપારી તકો અને ભંડોળનો સમાવેશ થાય છે. આપણે આપણી ગુપ્ત માહિતીનું રક્ષણ કરીને મૉર્ગનના ભવિષ્યને સલામત કરીએ છીએ; ગુપ્ત માહિતી એટલે એ મૉર્ગનની હોય તે અને અન્યો દ્વારા આપણા પર જે માહિતીની ગોપનીયતા જાળવવા માટે વિશ્વાસ મૂકવામાં આવ્યો હોય તે. આપણા સંશોધન અને વિકાસ તથા ઉત્પાદનની જાણકારી સાથેના સંબંધમાં વિશેષ સંભાળ લેવામાં આવવી જોઈએ.

### અમે વ્યાપારની વ્યવસ્થિત નોંધો રાખીએ છીએ

મૉર્ગનના દેખાવ અને સુધારાને આગળ ધપાવવાની બાબતને સમજવા માટે આપણી નાણાકીય નોંધોની ચોકસાઈ અગત્યની છે. અમે અમારા બધા વ્યવહારોની યોગ્ય અને સંપૂર્ણ વ્યાપારી નોંધો જાળવીએ છીએ અને ખાતરી કરીએ છીએ કે અમારા વ્યાપારમાં પ્રમાણિકતાથી અને ન્યાયિક રીતે તે પ્રતિબિંબિત થાય. અમે દસ્તાવેજો, હિસાબ કે નોંધોમાં ખોટા ફેરફારો કરતા નથી, તેમનો નાશ કરતા નથી, તેમને છુપાવતા નથી કે ખોટી માહિતી ઉમેરતા નથી.

### અમે જવાબદારીપૂર્વક કરાર કરીએ છીએ

અમે જવાબદાર રીતે કરારો સંપન્ન કરીએ છીએ, જે દરમિયાન ખાતરી કરીએ છીએ કે જોખમ અને મળવાપાત્ર પુરસ્કારનું સંતુલન સાધીને કરાર કરતી વખતે અમે પ્રતિબદ્ધતાઓને પૂરી કરી શકીએ. અમે મૉર્ગનની કાનૂની નીતિ પ્રમાણે અમારી જવાબદારીના જોખમને સંભાળીએ છીએ.

Morgan
Advanced Materials

THE Morgan Code

## અનુપ્રયોગ અને પ્રશ્નો

મૉર્ગનની સંહિતા મૉર્ગન ઍડવાન્સ્ડ મટિરિયલ્સ પીએલસીના બધા કર્મચારીઓ અને તેની બહુમતીના સ્વામીત્વની પેટાકંપનીઓ તેમજ પરામર્શકો, એજન્ટો અને ઠેકેદારો કે જેઓ આપણા માટે કામ કરે છે તે સૌને લાગુ પડે છે. સંયુક્ત સાહસોના બધા કર્મચારીઓ, પેટાઠેકેદારો અને સપ્લાયરો મૉર્ગનની સંહિતામાં જણાવવામાં આવેલં સમાન ધોરણો જાળવી રાખે એવી અમે અપેક્ષા રાખીએ છીએ.

જો તમને મૉર્ગનની સંહિતાના ઉલ્લંઘન વિશે કોઈ પ્રશ્ન કે ચિંતા હોય તો તમારા મેનેજર, તમારા માનવ સંસાધન વિભાગ કે નીતિ અને અનુપાલન વિભાગનો સંપર્ક કરો -
https://morgan.integrityline.org/

જો તમને ગુપ્તતા વિશે ચિંતા હોય તો કૃપા કરીને મૉર્ગનની નીતિમત્તા અને અનુપાલન સંબંધિત હૉટલાઇન દ સમ સમાધાન માટે પ કરો -
https://morgan.integrityline.org/
અથવા સ્થાનિક રીતે ઉપલબ્ધ ફોન નંબરો.

www.morganadvancedmaterials.com/themorgancode

05/2018 - ENG

સુરક્ષિત રીતે અને નિતિમત્તાપૂર્ણ કામ કરવું